અપીલ અરજી નં.૨૪૯ તા.૫–૧૧–૦૯/૧૦

અરજદાર:– શ્રી મહેશભાઈ હાદાભાઈ સોલંકી

સામાવાળા:– ડે.કમિશ્નર (સ્પે.)અને જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ

***ફરીયાદની હકીકત:–***

***વિષય :–*** આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેશભાઈ હાદાભાઈ સોલંકીની તા.૨૩–૯–૦૯ તથા તા.૫–૧૦–૦૯ નીઅરજીથી ૧૦૨ ડ્રાઈવરોની પ્રતિક્ષાયાદીના ડ્રાઈવરોનાં અનુભવનાં પ્રમાણપત્રની વિગત તથા હેવી વ્હીકલ પ્રેકટીકલ ટેસ્ટનાં આધારે તૈયાર કરેલ હોય તેની સંપુર્ણ માહિતીની નકલો સહી સિકકાવાળી મેળવવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૫–૧૧–૦૯ ની અપીલ અરજી નં.૨૪૯/૨૦૦૯–૧૦

શ્રી મહેશભાઈ હાદાભાઈ સોલંકીની તા.૨૩–૯–૦૯ તથા તા.૫–૧૦–૦૯ ની અરજીથી ૧૦૨ ડ્રાઈવરોની પ્રતિક્ષાયાદીના ડ્રાઈવરોનાં અનુભવનાં પ્રમાણપત્રની વિગત તથા હેવીવ્હીકલ પ્રેકટીકલ ટેસ્ટનાં આધારે તૈયાર કરેલ હોય તેની સંપુર્ણ માહિતીની નકલો સહી સિકકાવાળી મેળવવા બાબતે પર્સોનલ ઓફિસર અને મદદનીશ જાહેર માહિતી અધિકારી ના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૬૩૪ તા.૧૨/૧૦/૦૯ તથા પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૬૬૯ તા.૨૯–૧૦–૦૯ થી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૫–૧૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૮૩ તા.૧૩–૧૧–૦૯ થી ડે.કમિશ્નર (સ્પે.)અને જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નં.જીએડી/ઈએસટી/આર/૭૬૬ તા.૨૪–૧૧–૦૯ થી પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ છે. જેમાં તા.૨૩–૯–૦૯ મુળ અરજીની નકલ, બીપીએલકાર્ડની નકલ, તા.૬–૧૦–૦૯ થી અરજદારને રૂબરૂ બીપીએલ કાર્ડ મળી જવા માટે લખેલ પત્રની નકલ, અરજદાર ૨૩–૧૦–૦૯ ના રોજ રૂબરૂ ઈન્સ્પેકશન કરેલ પત્રની નકલ, અરજદારને નં.જીએડી/ઈએસટી/આર/૬૬૯તા.૨૮–૧૦–૦૯ ના રોજ આપેલ માહિતીના પત્રની નકલ, માસીક સા.ઠરાવ નં.૭૬/૯૯ ની નકલ, માસીક સા.ઠ.નં.૧૫૪/૨૦૦૦ ની નકલ, આઈ ડી નં.૭૭૪ તા.૫–૧૦–૦૯ મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી તા.૨૪–૯–૦૯ થી તબદીલ કરેલ પત્રની નકલ, નં.જીએડી/ઈએસટી/આર/૬૩૪ તા.૧૨–૧૦–૦૯ થી અરજદારને રજૂ કરેલ બીપીએલ કાર્ડની મુળ નકલ રૂબરૂ બતાવી ઈન્સ્પેકશન કરી જવા લખેલ પત્રની નકલ વિગેરે રજૂ કરેલ છે.

અરજદારની તા.૨૩–૯–૦૯ તથા તા.૫–૧૦–૦૯ ની અરજીઓથી તા.૬–૨–૦૯ ના રોજ ૧૦૨ ડ્રાઈવરોની પ્રતિક્ષાયાદીના અનુસંધાનમાં પસંદગી યોગ્ય શૈક્ષણિક લાયકાતના હેવી વેહીકલ લાયસન્સના યોગ્ય અનુભવ પ્રમાણપત્રો કે પ્રેકટીકલ ટેસ્ટ હેવી વેહીકલ ડ્રાઈવીંગ વિભાગના આધારે તૈયાર કરેલ હોય તેની સંપૂર્ણ માહિતિની નકલોની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી તા.૨૩–૯–૦૯ ની અરજીના અનુસંધાને નં.જીએડી/ઈએસટી/આર/૬૦૮ તા.૬–૧૦–૦૯ થી તથા તા.૫–૧૦–૦૯ની અરજીના અનુસંધાને નં.જીએડી/ઈએસટી/આર/૬૩૪ તા.૧૨–૧૦–૦૯ થી માહિતી ત્રાહિત પક્ષકારની હોય જે માટે તેઓની સંમતિ મેળવવી જરૂરી બને છે જે લાંબા સમયની પ્રક્રિયા હોય જે કાર્યવાહી પૂર્ણ થયેથી આપની અરજી અંગેની કાર્યવાહી કરવામાં આવશે પરંતુ તે પહેલા આપના તરફથી રજૂ કરવામાં આવેલ બીપીએલકાર્ડમાં સ્પષ્ટતા કરવાની રહેતી હોવાથી અરજદારને દિન–૧૦ માં ઓરીજનલ બીપીએલ કાર્ડ સાથે સુમપાની મુખ્ય કચેરી રૂમ નં.૧૧૪ માં રજાના દિવસો સિવાય બપોરે ૧૨.૦૦ થી ૪.૦૦ કલાક સુધીમાં રૂબરૂ આવી બતાવી જવું તેમજ માહિતી વિપુલ પ્રમાણમાં હોય ઈન્સ્પેકશન કરી જવા જણાવવામાં આવેલ. જયારે અરજદાર તા.૨૩–૧૦–૦૯ ના રોજ રૂબરૂ આવી બપોરે ૧૨.૩૦ થી ૧.૦૦ વાગ્યા સુધી જોઈતી માહિતીનું ઈન્સ્પેકશન કરેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૬૬૯ તા.૨૮–૧૦–૦૯ થી અરજદાર તરફથી માંગવામાં આવેલ માહિતી મુજબ ૧૦૨ ઉમેદવારોની પ્રતિક્ષાયાદીના વિઝન ટેસ્ટ તેમજ પ્રેકટીકલ ટેસ્ટના ગુણની વિગત માંગવામાં આવેલ છે. જે માહિતી સા.ઠ. ન.૧૫૪/૨૦૦૦ તા.૩૧–૩–૨૦૦૦ અન્વયે જવાબ આપી શકાય તેમ ન હોય. વધુમાં અનુભવના પ્રમાણપત્રની માંગણી કરવામાં આવેલ છે. જે બાબતે ડ્રાઈવરની જાહેરાત આપવામાં આવેલ હતી, જેમાં અનુભવ માંગવામાં આવેલ ન હોય જેથી અનુભવના પ્રમાણપત્રની વિગત આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. એવી વિગત જણાવેલ. જયારે અરજદાર તરફથી અપીલ અરજીમાં માંગેલ માહિતીની નકલો ગમે તેવા કારણો જણાવી પૂરી પાડેલ નથી એવું જણાવી અપીલ અરજી કરવામાં આવેલ.

અરજદારે અપીલ અરજીમાં જાહેર માહિતી અધિકારીએ ઈન્કાર કરેલ માહિતી અનુભવના પ્રમાણપત્રો તેમજ ફીઝીકલ અને પ્રેકટીકલ ટેસ્ટના ગુણની માહિતી બાબતે નારાજગી વ્યકત કેલ છે. વધુમાં જાહેર માહિતિ અધિકારી ધ્વારા ડ્રાયવરની જગ્યાનો હવાલો આપી તે જાહેરાતની નકલ તથા સામાન્ય સભાના ઠરાવ નં.૧૫૪ /૨૦૦૦ની નકલની માંગણી કરેલ છે જે બંને બાબતો મૂળ અરજીથી અલાયદી જણાય છે. જાહેર માહિતી અધિકારીએ આપેલી ઈન્સ્પેકશન અરજદારે મેળવેલ છે. એમાં કોઈ તકરાર નથી અને ઈન્સ્પેકશન પશ્ચાત અરજદાર ધ્વારા જે નકલો માંગેલ તે ૧૦૨ ડ્રાયવરોની પ્રતિક્ષાયાદીના અનુભવના પ્રમાણપત્રોની વિગત તથા વિઝન અને પ્રેકટીકલ ટેસ્ટના ગુણની વિગત અરજદારે ભારપૂર્વક જણાવેલ છે. અરજદારની જ તા.૨૩–૯–૦૯ની મૂળ અરજીની વિગત ધ્યાને લેતાં તેમાં તેમણે તા.૧૯–૩–૦૭ના રોજની ડ્રાઈવરોની જાહેરાત સુરત દૈનિકમાં પ્રસિધ્ધ થયાનું જણાવે છે. જે સૂચવે છે કે આ જાહેરાતની માહિતી તેઓ પાસે હોવાનું અનુમાનિત છે.

આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) અનુક્રમે માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતિ પૂરી પાડવાની રહે છે. જાહેર માહિતિ અધિકારી ધ્વારા તા.૨૯–૧૦–૦૯ ના રોજ પુરી પાડેલ માહિતિમાં જણાવેલ છે કે અનુભવ માંગવામાં આવેલ ન હોય પ્ર માણપત્ર આપવાનો પ્રશ્ન રહેતો નથી. જે કાયદાની જોગવાઈ સાથે સુસંગત છે. અરજદારે ઈન્સ્પેકશન પશ્ચાત માંગેલ તે સીવાયની માહિતી વિઝન અને પ્રેકટીકલ ટેસ્ટના ગુણની વિગત પૂરી પાડવા જાહેર માહિતી અધિકારીએ સામાન્ય સભાના ઠરાવ નં.૧૫૪/૨૦૦૦ ના ઠરાવોનો ઉલ્લેખ કરી ઈન્કાર કરેલ છે. સદર ઠરાવની વિગત જોતાં લેખિત ઓબ્જેકટીવ ટેસ્ટ અંગેની કામગીરી કરનાર અધિકારી કે આવી માહિતી અત્યંત ગોપનીય રાખવાની રહેશે તેવી જોગવાઈ છે. આરટીઆઈ એકટની કલમ–૨૨ થી કરેલ જોગવાઈ ધ્યાને લેતાં માહિતી અધિકાર અધિનિયમથી કરેલ જોગવાઈ ગોપનીયતા અધિનિયમ–૧૯૨૩ અને બીજા કાયદાની જોગવાઈ ઉપર પ્રભુત્વ ધરાવશે તેવી જોગવાઈ કરેલ છે જે ધ્યાને લેતાં જાહેર માહિતી અધિકારીની વિઝન અને પ્રેકટીકલ ટેસ્ટના ગુણની માહિતી આપવાનો ઈન્કાર કાયદાની કલમ–૨૩ સાથે સુસંગત નથી જેથી તે માહિતિ આપવા પાત્ર થાય.

કાયદાની કલમ–૭(૯) ની જોગવાઈ ધ્યાને લેતાં અરજદારે ઈન્સ્પેકશન પશ્ચાત ઉપર દર્શાવેલ બે માહિતિ માટે આગ્રહ રાખેલ.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૨૩–૯–૦૯ ની તથા તા.૫–૧૦–૦૯ ની અરજીઓથી માંગેલ માહિતી પૈકી પ્રશ્ન હેઠળના ૧૦૨ ડ્રાયવરોની વિઝન ટેસ્ટ અને પ્રેકટીકલ ટેસ્ટના ગુણની માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૫) હેઠળ અરજદારને દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા ડે.કમિશનર (સ્પે.) અને જાહેર માહિતિ અધિકારી રીક્રુટમેન્ટને જણાવવામાં આવે છે.

આ સિવાયની મૂળ અરજીથી અલાયદી માહિતિ અંગે અરજદાર અલાયદી અરજી કરી માહિતિ મેળવવા સ્વતંત્ર છે.

આરટીઆઈસેલ/<br>
તારીખ : –૧૨ – ૦૯

ડે.*કમિશનર(જનરલ),*<br>
અ*ને એપેલેટ ઓફિસર*<br>
*સુરત મહાનગર પાલિકા*

***પ્રતિ***

(૧) ડે.કમિશનર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ ... જાણ તથા અમલ માટે<br>
(૨) શ્રી મહેશભાઈ હાદાભાઈ સોલંકી,